






બેફામ જીભ પર લાગી લગામ સંહિતાની,
નાણા કોથળી પર લાગી સંહિતાની
લાગી લગામ 'તિજોરી'ના દુરૂપયોગ પર -
મેળા - ઉત્સવો પર લાગી લગામ સંહિતાની..
(પૂરાયા પડીકે)




...ને શરૂ થશે,
સિધ્ધાંતે સોદાબાજી -
સ્વાર્થ સાધવા..
(ચૂંટણી - સમજુતિઓ)

થયું વાહન,
'સમજૌતા' એક્સપ્રેસ
દાણચોરીનું..
(હાથવગું સાધન)

## ચિંતન

**આત્મ જ્ઞાનં સમારંભસ્તિતિક્ષા ધર્મ નિત્યતા ।**
**યમર્થા નાકર્ષન્તિ સવૈ પંડિત ઉચ્યતે ॥**

'જે આત્મજ્ઞાની છે તે સુખ-દુઃખ, માન-અપમાનનાં દ્વંદ્વોથી વિલચિત થતો નથી. જે ધર્મનિષ્ઠ છે તે વિષયો ઇચ્છા-વાસનાઓ આદિથી આકર્ષિત થતો નથી. આવો માણસ જ વિદ્વાન-પંડિત કહેવાય.'

માત્ર પુસ્તકિયું જ્ઞાન, ધરાવનાર વ્યક્તિ સાચા અર્થમાં વિદ્વાન ન કહેવાય, ઘણાંને યાદ શક્તિ સારી હોય. શ્લોક-વાતો-માહિતીનો ભંડાર હોય, ઘણી બધી ઉપાધિ-ડીગ્રી-શાસ્ત્રી પદ પણ ધરાવતા હોય છતાં ય જો જીવનમાં વિવેક-તાટસ્થ્ય ન આવ્યું હોય તો તે 'વિદ્વાન' નથી.

પંડિત-જ્ઞાની થવા માટે તો માણસનું સર્વતોમુખી વ્યક્તિત્વ એટલે શીલ-સદાચારની પણ ગણતરી થવી જોઇએ. ભણતર-ડીગ્રીને કારણે આવતી ઉદ્દંડતા-અભિમાન સાચા પંડિત થવામાં બાધારૂપ બને છે.

આજકાલના ડીગ્રી ધારકો સ્વભાવે ઉદ્દંડ બની જાય છે. સંસ્કાર અને આસપાસની અસર તો થાય છે. વધારામાં ટીવી-વિડિયો-મારફાડ-વિકૃત હિંસાવાળી ફિલ્મો-એંગ્રીયંગ મેનની ઇમેજ અથવા કે મોબાઇલના તરંગોની માનસિક અસર પણ હોઇ શકે છે.

જે આત્મજ્ઞાની, જીવન હેતુ-ધ્યેયને અનુલક્ષી 'આચરણ' પ્રમાણે જીવન જીવતો હોય માન-અપમાન, સુખ-દુઃખના દ્વંદ્વથી દૂર હોય, તેને જ સાચો પંડિત-વિદ્વાન-જ્ઞાની કહેવાય.

## સુવિચાર

- ધીરજપૂર્વક વિચારી-આયોજન કરી જીવનાર નિશ્ચિત થઇ લાંબુ જીવી શકે છે **- એસ. ભટાચાર્ય**
- ગુરૂ, માર્ગદર્શકે બતાવેલ રસ્તે ધીરજપૂર્વક આગળ વધનાર જરૂર ધ્યેયને પ્રાપ્ત કરે છે અને સફળતાને વરે છે **- સિસેરો**
- જે માણસ ઓછું અને ધીમું બોલે છે એ કાર્ય ત્વરાથી કરતો હોય છે **- કન્ફ્યુશિયસ**
- જેની પાસે ધીરજ છે તે ધારે તે મેળવી શકે છે **- બેન્જામીન ફ્રેંકલીન**
- ધીરજ ટકાવી રાખવી કઠિન છે, પણ તેનું પરિણામ હંમેશાં શુભ હોય છે **- રૂસો**
- ધીરજથી દુર્બળ પણ તાકતવર બને છે, ખોટી ઉતાવળમાં શક્તિનો વ્યય થાય છે **- મૈગૂન**
- જે કાર્ય શરૂ કરો તે ધીરજપૂર્વક પૂર્ણ કરો, ક્ષણિક નિષ્ફળતા મળે તો પણ અધુરૂં ન મૂકો **- શેકસપિયર**

## બોધ કથા

આજકાલ એવોર્ડ-માન-સન્માન-ચંદ્રકો મેળવવા માટે સંસ્થાઓ એકમેકમાં ગોઠવણ કરતી હોય છે, ધનિક કલાકારો 'પૈસા'નું મેનેજમેન્ટ કરી એવોર્ડ મેળવી લે છે. સરકારમાં એવોર્ડ માટે મોટાં-મોટાં અરજીપત્રકો-પૂરાવા-ભલામણ-દબાણો બધાની જરૂર પડે છે. જેણે ખરેખર કામ કર્યું છે, સેવા કરી છે, સાચો કલાકાર કે સાચો સેવક છે તેને એવોર્ડ-માન-સન્માનની જરા પણ 'તમા' નથી હોતી.

અખિલ ભારતીય નઇ તાલીમ સંઘના માજી મંત્રી, શિક્ષણ શાસ્ત્રી તો હતાં જ સાથે ચુસ્ત ગાંધી-સિધ્ધાંતવાદી, એમનું નામ હતું - આશા દેવી આર્યનાયકમ્. ભારત સરકારે એમની દેશવ્યાપી સેવાનાં સંદર્ભમાં એમને 'પદ્મભૂષણ' નો ખિતાબ આપવાનું ઠરાવ્યું. અને રાષ્ટ્રપતિજીના હસ્તે સ્વીકારવા હાજર રહેવા માટે તેમને નિમંત્રણ મોકલવામાં આવ્યું.

આશા દેવી - સાચાં ગાંધીજીના અનુયાયી અને સાચા હૃદયના સેવક હતાં. નિમંત્રણ નમ્રતાપૂર્વક ન સ્વીકાર્યું અને રાષ્ટ્ર પ્રમુખને તે પરત મોકલતાં લખ્યું : 'સેવા એ અમારા જેવા સેવકો માટે ધર્મ અને ફરજ છે - તપ અને સાધના માટે એવોર્ડ ન હોય!'

# જગતમાં જો કોઇ મોટામાં મોટું દુઃખ હોય તો, તે છે ભૂખ! ભૂખથી ભૂડું કાંઇ જ નથી!

## નિબંધ સેતુ

### સર્વ વિનાશનું મૂળ છે ભૂખ - તૃષ્ણા

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

આ જગતમાં જ્યાં જુઓ ત્યાં, અત્ર-તત્ર સર્વત્ર દરેક જીવોને ભૂખનું ભૂડું વળગણ છે! જગતમાં જો કોઇ મોટામાં મોટું દુઃખ હોય તો, તે છે ભૂખ! ભૂખથી ભૂડું કાંઇ જ નથી!

જગતમાં માનવ સિવાયના અન્ય દરેક જીવને ભૂખ છે ખરી, પરંતુ તે ફક્ત પેટ પૂરવાની - ક્ષુધા છીપાવવાની! જ્યારે માનવ એટલે તો જાણે ભૂખનું હાલતું - ચાલતું અક્ષુબ્ધ પૂતળું! તેની ભૂખ માત્ર પેટ પાળવા કે જઠર ભરવા પૂરતી સીમિત નથી! માનવને ભૂખ છે પ્રસિધ્ધિની! તૃષ્ણાઓ છે સિધ્ધિ મેળવવાની અને મહેચ્છાઓ છે મહાન બનવાની! નિર્ધનને ભૂક છે ધનની, ધનવાનને ભૂખ છે ધનપતિ કુબેર થવાની અને સંતને ભૂખ છે પ્રભુ જેમ પૂજાવાની! કોઇને ભૂખ છે ગામને પાદર ખાંભી થઇ ખોડાવાની! કોઇને ભૂખ છે મહાજ્ઞાની થઇ જ્ઞાનગંગા વહાવી, વાહ! વાહ! મેળવવાની. કોઇને ભૂખ છે જગતમાં પોતાના નામનો ડંકો વગાડી 'કંઇક' બનવાની! કોઇને ભૂખ છે પામરમાંથી પરમેશ્વર થવાની અને કોઇને ભૂખ છે વામનમાંથી વિરાટ થવાની! કોઇને ભૂખ છે અમરત્વનું અમી ફળ ચાખી અમર થવાની! સ્વાર્થમાં છદ્મવેશી થૈ શાંતિને ડહોળીને - કચડીને અશાન્તિ ઊભી કરવાની! ખ્યાતિ સારૂ ગાદી સ્થાપી - કાવાદાવાની મેલી રમત રમવાની! સન્યાસ લઇ વૈરાગી બની મુક્તિ પામવાની! તો કોઇને ભૂખ છે સત્તાની - જગતનું સામ્રાજ્ય સર કરવાની! જ્યારે કોઇને ભૂખ છે, ફક્ત પેટનો ખાડો પૂરવાની!

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

ન મોભો ખોબલે ને ખોબલે - અખૂટ મળ્યાં હોવા છતાં અને જીવનની કોઇ સિધ્ધિઓ કે મહેચ્છાઓ બાકી ન હોય છતાં, આવા અક્ષુબ્ધ આત્માઓની ભૂખ હરદમ વધતી જાય છે કારણ કે, લાલસાઓ, ઇચ્છાઓ અને મહેચ્છાઓ જળોની જેમ વળગેલી હોય છે. અને તેથી જ છેવટે તો તેમને અતૃપ્તિના જ ખોટા ઓડકાર આવે છે અને આ 'કંઇક' ને 'કંઇક' પામવાની એષણા ઉકેલાતી નથી અને ભૂખ સંતોષાતી નથી અને આવો ક્ષુધાતુષ્ટ નિરંતર અપેક્ષાઓના અનંતવમળમાં ફસાતો જાય છે અને છેવટે અસંતોષની કરાલ ગર્તામાં ધકેલાય છે!

ભૂખથી કોઇ પણ જીવ વંચિત નથી કે પર નથી! દરેક જીવ ભૂખથી ગ્રસ્ત છે, તૃષ્ણાથી ત્રસ્ત છે અને અસંતોષથી અકળાય છે - પીડાય છે. પરંતુ આપણે જો આજુબાજુ નજર કરીશું તો, સર્વત્ર-કુદરતના ખોળે, તેના સાનિધ્યમાં અને તેના રાહમાં ડગ મિલાવી, કુદરત સાથે તાલમેલ સાધી, અબોલ પ્રાણી-પશુ, પંખી, મહેંકતા ફૂલછોડ, પવનથી ડોલતાં અને લહેરાતાં-ઝૂલતાં વૃક્ષો, જીવજંતુ બધાં જ પેટની ભૂખ સંતોષીને, જીવન જીવવામાં ઓતપ્રોત, મશગૂલ અને હસતાં - ખુશખુશાલ જણાય છે! જ્યારે માનવ! તેના પેટની ભૂખ સંતોષવા છતાં, બીજી અનેક પ્રકારની ભૂખોથી - તૃષ્ણાઓથી ઘેરાયેલ એવો ભૂખડી બારસ છે! તે અન્ય ભૂખોથી - તૃષ્ણાઓથી પ્રેરાઇને તેને સંતોષવા, કુદરત અને પ્રકૃતિની લીલાને - તેની અનમોલ દેનને આડેધડ - શત્ શત્ પ્રકારે હણી, તેના ત્યાગને ધરાર અવગણી, સ્વાર્થ ભર્યા સન્માન અને મોહભર્યા મોભાની ભૂખની લાહ્યમાં, બાંયો ચઢાવી, પોતાની ઓકાત ભૂલીને કુદરત સામે, આડંબર અને અહંકારમાં ગળાબૂડ ગરકાવ થયેલ અને હુંપણાથી જેનો પગ ધરતી પર ટકતો નથી તેવા અહંકારી માનવની જ્ઞાન અને સૂઝબૂઝને ઠેકાણે લાવવા અને તેની પામરતા - વામનતાને સિધ્ધ કરી, તેની ઓકાત બતાવવા કુદરત દ્વારા સર્જાય છે જગતમાં મહાઉત્પાત, રેલ, દુકાળ, આંધી, પ્રપાત, ધરતીકંપ અને ભયંકર ત્સુનામી અને સર્વત્ર વેરાય છે, જળબંબાકાર વિનાશ, વિનાશ ને ફક્ત વિનાશ!

અમરત્વ પામવા પરકાજ મરવાની કોઇની તૈયારી નથી! ફક્ત અમરત્વની ઝંખના જ કર્યા કરવી છે! બંધનો આખો જગતમાં બાંધી, મુક્ત થવા મથ્યા કરવું છે! અમરવૃક્ષની તમન્ના લઇ, ઘૃણાનાં વિષબીજ વાવી, નફરતનાં જળસિંચન કરીને, તેને ઉછેરીને અમરત્વના અમરફળની ઝંખના કર્યા કરે છે અને માન-મરતબા સાચવવા સારૂં, અહમના ઓથાર તળે, નિરભ્ર આકાશની ઉછીની ચેતના લઇ, નીકળી પડે છે. અમરત્વનું અમર ફળ ચાખવા! પણ, તે ઝાંઝવાના જળની જેમ ક્ષણાર્ણ દેખાં દઇ, નજરથી એકાએક વીજળીની માફક! આમ છેવટે માન, સન્માન અને સ્વાભિમાનનાં ચીંથરે - ચીંથરાં, લીરેલીરાં ઊડી જાય છે, અને અમરત્વ તો દૂર રહ્યું, પરંતુ માયાની આંટીઘૂંટીમાં અટવાઇને આવો ક્ષુધાતુર માનવ મંઝિલથી દૂર ફેંકાઇ જાય છે - ચૂસેલી કેરીના ગોટલાની માફક!

આથી જીવનમાં જો સુખી થવું હોય અને સર્વ વિનાશથી બચવું હોય અને આવેલ ગમે તેવી 'આજ' ને સુપેરે માણવી હોય તો, બિનજરૂરી મહેચ્છાઓ - તૃષ્ણારૂપી ભૂખને અને નકારાત્મકતાને જીવનમાંથી દૂર હડસેલી દઇને, સકારાત્મકતા - હકારાત્મકતાની આંગળી પકડી, સંતોષની સીડી ચડવા પ્રયાસ કરવામાં આવે અને 'જે મળ્યું છે' એને સુપેરે માણવા માટે, 'જે નથી' તેની તૃષ્ણા ત્યજી દેવામાં આવે તો, ચોક્કસ સર્વવિનાશને ટાળી શકાય. અને એમાં જ સમાયું છે માનવ જીવનનું શ્રેષ્ઠતમ શ્રેય!

## સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાની આગામી માસિક બેઠક તા. ૨૧મી ઓકટોબર, ૨૦૧૨ને રવિવારના રોજ સાંજના ૪ : ૦૦ કલાકે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧ ખાતે મળશે. જેમાં

(૧) સ્ત્રીભ્રુણ હત્યા
(૨) દીકરીઓ પરના અત્યાચાર
(૩) નાના બાળકોની ઉઠાંતરી અને,
(૪) વૃધ્ધોની વેદના - સંવેદના બાબતેનાં -

સ્વરચિત 'કાવ્યો' અથવા 'નિબંધ લેખન' (એક ફૂલસ્કેપ કાગળમાં) રજૂ કરવાનાં રહેશે.

## કાવ્ય સેતુ : જીવનનું સંગિત શોધું

**તરણું થઇને ડુંગર શોધું,**
**ઝરણું થઇને સાગર શોધું,**
**વન-વનનો મોરલો થઇને,**
**ખોવાયેલ ઢેલને શોધું.**
**તન-મનની તાજગીને શોધું,**
**મનગમતી આશકીને શોધું,**
**અવની પરથી આભમાં જઇને,**
**વરસી ગયેલ, વાદળીને શોધું.**
**મૂરજાયેલ બાગમાં જઇને,**
**તરોતાજા ફૂલને શોધું**
**સ્વાતિ નક્ષત્રનું છીપ શોધું,**
**મનનું માનેલ મીત શોધું,**
**તૂટેલી વાણીના તારમાં જઇને,**
**જીવનનું સંગિત શોધું.**

**- 'કાન્તિ' સોલંકી**

## તણખો

**- દોલત ભટ્ટ**

સંપત્તિની લોલુપતા તેમજ આધિપત્યની આકાંક્ષાઓએ પૃથ્વી પર અનેક યુધ્ધો ઉપજાવ્યાં છે, તે પછી પુરાણકાળ હોય, મધ્યકાળ હોય કે અર્વાચીનકાળ હોય! શસ્ત્રો સંહાર કરવાનું જ કાર્ય કરતાં રહ્યાં છે. ફેર માત્ર એટલો જ છે કે, શસ્ત્રો રક્ષકના હાથમાં હોય ત્યાં સુધી સંજીવની સમાન હોય છે. ભક્ષકના હાથમાં જાય ત્યારે કાળનાં રૂપે બદલે છે.

# 'શ્વાસ ખૂટી જાય અને ઇચ્છાઓ બાકી રહે તેનું નામ મૃત્યુ પરંતુ ઇચ્છાઓ ખૂટી જાય અને શ્વાસ બાકી રહે તેનું નામ મોક્ષ'

અનંત ઇચ્છાઓ લઇ માનવી જીવન જીવી રહ્યો હોય છે. આપણે સૌ ઇચ્છાઓના મહાસાગરમાં જાણે કે ડૂબકીઓ મારી રહ્યાં છીએ. પાણીથી ભરચક દરિયો તરસ છીપાવી શકતો નથી ઉલટી તરસ વધતી જાય છે. કંઇક એવું જ છે આ ઇચ્છારૂપી મહાસાગરનું. જેમ ઇચ્છાઓ પૂર્ણ થતી જાય તેમ નવી નવી અસંખ્ય ઇચ્છાઓ જન્મ લેવા માંડે છે.

આપણે સતત વિકસતા આ વિજ્ઞાનયુગમાં જીવી રહ્યાં છીએ. નીત નવીન શોધો થઇ રહી છે. આજની શોધ આવતીકાલે જૂની સાબિત થઇ રહી છે. આજની વસ્તુ આવતીકાલે જૂની બની જવાની છે. અવિરત પ્રગતિની ઝંખનાના ફળ સ્વરૂપે માનવી નવીન શોધોની દુનિયામાં ગોતાં લગાવ્યા જ કરે છે. તમે આજે ખરીદેલ તદ્દન નવી વસ્તુ થોડાક સમય બાદ કદાચ બીનઉપયોગી યા ઓછી સગવડતા વાળી રહે છે.

આપણે સૌ હરિફાઇનાં યુગમાં જીવી રહ્યાં છીએ. આપમે અન્ય સાથેની હરિફાઇમાં ખુદની ઓળખ ભૂલી ચૂક્યા છીએ. આપણને આપણી જાત, આપણી ઓળખ, આપણી મર્યાદાઓ કે આપણી ખરેખર જરૂરિયાતો વિષે ઓછો વિચાર આવે છે. તેનાથી વિપરીત બીજાની વાતો અને સ્થિતિ વિષે વિશેષ વિચારો કર્યા કરીએ છીએ.

કાદવમાં ખૂપેલ માણસ જેમ વલખાં મારે તેમ તે વધુને વધુ અંદર ફસાતો જાય છે. તે જ રીતે ઇચ્છારૂપી કાદવમાં માનવી વધુને વધુ લાલચને લઇ ફસાતો જાય છે.

આપણને એ પણ ખબર હોતી નથી કે જે વસ્તુ કે બાબતની તીવ્ર ઇચ્છા થઇ રહી છે. તે ખરેખર જરૂરી કે ઉપયોગી છે ખરું? આપણાથી બીજાના દેખાદેખીમાં જરૂરી એવી બાબત તરફ દુર્લક્ષ થઇ જાય છે અને બીનજરૂરી તથ્ય તરફ દોટ મુકી માત્રને માત્ર દુઃખને નિમંત્રીએ છીએ.

આપણે ધરતી પર જન્મ લીધો ત્યારે કયાં ખબર હતી કે શી જરૂરિયાતો રસ્તામાં રાહ જોઇને ઊભી છે? જેમ જેમ સ્પર્ધાત્મક વિશ્વનો પરિચય થતો જાય છે તેમ તેમ આપણે વધુને વધુ લાલચો અને પ્રલોભનોના શિકાર બનતા જઇએ છીએ.

આપણને આ ઇચ્છાઓની દેન વારસાગત મળતી રહેતી હોય છે. મા-બાપે જોયેલા પોતાનાં સ્વપ્નાં પોતે પુરાં ન કરી શકે ત્યારે બાળકો તરફથી એ સ્વપ્નાં પુરાં થાય તેવી અપેક્ષા રાખે છે. અને બાળકો ઉપર તેને પરાણે ઠોકી બેસાડવામાં આવે છે. અન્યની આવી અધુરી ઇચ્છાઓ આપણને આપણી રીતે જીવવા દેતી નથી. અને મને કમને પણ તે તરફ ઘસડાવું પડે છે.



**'હથોડી અને ટાંકણું'**
**- હર્ષદરાય ઉપાધ્યાય**

ઇચ્છાઓ જેમ ઓછી તેમ મનને શાંતિ વધારે. તેવું કહેવાયું છે અને આપણે સૌ માનીએ પણ છીએ છતાં તેનો વ્યવહારૂં અમલ કયાં આપણે કરીએ છીએ?

સંસાર છોડી પ્રભુ પ્રાપ્તિનાં માર્ગે પ્રયાણ કરી ચૂકેલાં અસંખ્ય સાધુ-સંતો કે ભક્તોને પણ આ ઇચ્છા નામની માયાએ છોડ્યા નથી. જ્યાં માત્ર ઇચ્છોઓ અંત એ જ ભક્તિનું પ્રથમ પગથિયું હોય છે. ત્યાં જ ઇચ્છાઓ પોતાનો અડ્ડો જમાવને બેઠેલી હોય છે, પોતાની નામના વધો, સંસારી અનુયાયીઓ વધે, ભક્તો વધે તે માટેની પ્રબળ ઇચ્છાને લીધે જ મોટા મોટા આશ્રમો અને પંથો ઊભા થયા છે.

મહાભારતમાં કૃષ્ણના મુખમાં એક સંવાદ છે કે "સંસાર છોડી સંસારમાં આવે તે કાં ભાગી કાં રોગી." બહું સરળ વાત છે. ઇશ્વર રસનું પાન પડતું મુકી સંસારી માયામાં આવવાનું શું પ્રયોજન હોઇ શકે?

પરંતુ આપણી પાછળ પડેલી આ ઇચ્છાઓ નામની માયા કેમેય આપણને છોડતી નથી.

જીવનના અંતિમ શ્વાસ સુધી ઇચ્છાઓ પાછળ માનવી દોડ્યા જ કરે છે. શ્વાસ ખૂટી પડે છે પરંતુ ઇચ્છાઓ પૂર્ણ થતી નથી. અને મૃત્યુ પર્યંતની આ દોડમાં માણસ ગુમાવે છે ઝાઝું એ મેળવે છે બહું થોડું.


(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૩મી ઓકટોબર**

- આઝાદ હિન્દ ફોજ પર દિલ્હીના લાલ કિલ્લામાં ચલાવાયેલાં કેસમાં આરોપીઓનાં વકીલ તરીકે અંગ્રેજ ન્યાયાધીશ સામે પ્રભાવશાળી તર્કબધ્ધ દલીલો કરનારા ભૂલાભાઇ જીવણજી દેસાઇની જન્મતિથિ ૧૩-૧૦-૧૮૨૭. 'જનતાનાં વકીલ' તરીકે ખ્યાતનામ.
- ૧૯૨૭માં માત્ર મહિલા ઘોડેસવારો માટેની પ્રથમ ઘોડા રેસ ન્યૂ માર્કેટમાં યોજાઇ.



- ૧૯૧૧ - યુસુફખાન - દિલિપકુમાર : અજોડ ફિલ્મ અભિનેતાનો જન્મ.



- ૧૯૧૧ - ભારતની સંસ્કાર સેવામાં બલિદાન આપનારા સિસ્ટર નિવેદિતાનું દાર્જિલીંગમાં અવસાન.
- આજે વિશ્વ ચક્ષુ દિવસ.

# પરંપરા અને આધુનિકતાની વચ્ચે સહજ સંબંધ ન સ્વીકારી શકતી "ખાપ"

## ચર્ચા સભા

**- વિશ્વજીત પી. રાઓલ**

'ચાલીસ વર્ષથી સુધી કોઈ પણ ગામની મહિલા ગામના બજારોમાં જઈ શકશે નહીં! જો ગામમાં આવવું જવું હોય! તો માથે પલ્લું હંમેશા રાખવું પડશે!!' યુવતીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકશે નહીં! આ બધા 'ફરમાન' કોઈ મુસ્લિમ રાષ્ટ્રના ગ્રામપંચાયતના ફતવા નથી. પરંતુ ભારતની રાજધાની દિલ્લીથી સહેજ ૫૦ કિ.મી. દૂર આવેલા 'બાગપત' પંચાયતનો ફેસલો છે. અને આવી પંચાયતોનાં તાલિબાની શાસન - પ્રણાલી હરિયાણા, ઉત્તરપ્રદેશ અને પંજાબના લગભગ ૨૫,૦૦૦ ગામોમાં આવા તઘલગી નિર્ણય ત્યાંની બિનઅધિકૃત પંચાયત ઘણી વખત લેતી હોય છે. આ બધાની દોરવણી 'ખાપ' પંચાયતની દિશા નિર્દેશ અનુસાર થાય છે.

અહીં આ રાજ્યોમાં સામાન્ય ગ્રામ પંચાયત બંને વચ્ચે ફરક છે તે સમજવા જેવો છે!! અને ત્યાર બાદ 'ખાપ' છે શું? અને તે કેવી રીતે કામ કરે છે? તે સમજીએ! સો પ્રથમ તો સામાન્ય ગ્રામ પંચાયત એ સંવિધાન આધારિત ગ્રામ પંચાયત હોય છે જે ભારત સરકારના સંવિધાન દ્વારા દિશા નિર્દેશ અનુસાર કામકાજ કરે છે! જયારે, જાતિ કે ગોત્ર આધારિત પંચાયતનો વહીવટ એ જે તે જાતિના મુખિયા કે વડીલ કરતાં હોય છે. તેઓનું મુખ્ય કાર્ય પોતાની જાતિ, ગોત્ર આધારિત પરંપરા, પોતાની મર્યાદાનું અનુસરણ ગામનાં લોકો પાસે કરાવવાનું હોય છે! આવી પંચાયતને પાલ પણ કહેવામાં આવે છે. (પાલ એટલે એક જ ગોત્રનું સંગઠન) અહીં આવી જાતિ કે ગોત્ર આધારિત પંચાયતનું કામ મુખ્યત્વે હરિયાણા, ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોના કેટલાક નાના ગામોમાં વસેલાં લોકો પોતાનો 'ફરમાનો' જારી કરવાનું હોય છે! પોતાના જ ગામનાં કે 'એક જ ગોત્ર આધારિત લગ્ન કરવા ઉપર તેઓની સખ્ત પાબંધી છે!!' આ ઉપરાંત મહિલાઓને કેવા વ્યવહાર કરવા જોઈએ, ગામની બહેન - દીકરીએ જીન્સ કે ટી-શર્ટ નહીં પહેરવા, મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો નહીં! ગામનાં બજારપમાં જવું હોય તો કોઈ ઉંમરલાયક મહિલા સાથે હોવી જોઈએ! વગેરે... વગેરે... આવા ફરમાનો જાતિ આધારિત, ગોત્ર આધારિત ગ્રામ પંચાયતો સમયે - સમયે જે તે ગામમાં કરતાં રહેતા હોય છે. આ બધી જાતિ કે ગોત્ર આધારિત પંચાયતનું બંધારણ કોઈ એક ગામ પૂરતું સિમિત નહીં પરંતુ તેમાં 'પાંચ ગામ', દશ ગામ, પચ્ચીસ ગામ કે પચ્ચાસ ગામ નો એક સમૂહ જોડાય છે. આવા સમૂહને કે સંગઠન ને ખાપ પંચાયત તરીકે ઓળખવામાં આવે છે. આ ખાપ પંચાયતનું ફરમાન પાંચ ગામ, દશ ગામ, પચ્ચીસ ગામનાં ગ્રામજનોને માન્ય રાખવું પડતું હોય છે! તેઓનું ફરમાન દરેક ગામના વિભિન્ન જાતિના વ્યક્તિઓને માન્ય રાખવું પડતું હોય છે! જો આવું કરવામાં ન આવે તો તેઓને (જે - તે વ્યક્તિ કે સમૂહને) સમૂદાય કે જાતિમાંથી નિષ્કાષિત પણ કરી દેવામાં આવે છે!!!

ગુજરાતમાં જેને મહાજન પ્રથા કહેવામાં આવે છે અને ભારતમાં જેને પંચ ત્યાં પરમેશ્વર માનવામાં આવે છે તે હકીકતમાં ખાપના જ અલગ અલગ નામો છે. આવી ખાપ પંચાયતોના પોતાના ઉદ્દેશ્યો, પોતાની જાતિ, બિરાદરી, પોતાનો સમાજ, જાતિગત, સંસ્કરણો, પરંપરાઓ ઉપર સતત કેન્દ્રિત રહેવું અને પશ્ચિમી સંસ્કૃતિની ખોટી અસર બહેન, દીકરી કે દીકરાઓ ઉપર ના પડે તેની તકેદારી રાખવી! પોતાના મૂળનું અસ્તિત્વ ટકાવી રાખવું, જયારે કોઈ સામાજિક સમસ્યાઓ નાની (જાતિ કે ગોત્ર) ગ્રામ પંચાયતથી ના થઈ શકે! ત્યારે તો આ સમસ્યાને પાંચ ગામ કે પચ્ચીસ ગામ વાળી ખાપ પંચાયતમાં લઈ જવામાં આવે છે. જેમાં બુઝુર્ગ કે પ્રભાવશાળી વ્યક્તિઓનું સંચાલન અને સંવિધાન નક્કી કરે છે. આ માન્યતા કે અધિકાર વગરની પંચાયત હોય છે, કે જેનું ફરમાન નહીં માનનારને સામાજિક બહિષ્કાર કે ગામ નિકાલ જેવા તઘલઘી નિર્ણયો પણ લેતાતા હોય છે. એક જ ગોત્ર કે બિરાદરીના સમૂહ ભેગા મળીને ખાપ પંચાયતની રચના કરતા હોય છે, અને તેમાં અનેક જાતિઓને આવરી લેવામાં આવે છે.

હંમેશાં પોતાના નિર્ણયોની ચર્ચામાં રહેલી ખાપ પંચાયત લગ્ન સંબંધમાં એટલે એક જ ગોત્ર કે એક જ ગામનાં યુવક-યુવતી લગ્ન નહીં કરવા, અને જો તેઓ આવું પગલું ભરે તો તેઓને ગામથી નિકાસ કે સામાજિક બહિષ્કાર સામૂહિક રીતે પૂરા ગામ વતીથી કરવામાં આવે છે. થોડાક દિવસો પહેલાં ઓનર કિલિંગ ને લગતાં કિસ્સા સમાચારપત્રમાં હેડલાઈન્સમાં રહ્યાં હતા. જેમાં ખાપ પંચાયતો ઉપર ઉકસાવવા વાળા નિવેદન કરવાનો પણ આરોપ લાગ્યો હતો!!! ઘણા કિસ્સામાં તો એક જ ગોત્રમાં લગ્ન કર્યા બાદ યુવક - યુવતિને તેઓનાં પરિવારજનો તો તે સ્વીકાર કર્યા પરંતુ પંચાયતે આ લગ્ન નામજૂંર કર્યા અને ગામ છોડી જવા મજબૂર પણ કર્યા છે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)